

સ્ટાર ટૉક

# રીતિક ડિરેક્ટર બની નામ રોશન કરવા રેડી છે

**રીતિક રોશન બિગેસ્ટ સ્ટાર માંનો એક છે. ખૂબ જ પોપ્યુલર હોવા છતાં તે દર વર્ષે એક યા બે જ ફિલ્મમાં આવે છે. વિત્યા 25 વર્ષથી તે ફિલ્મોમાં છે પણ તેની ફિલ્મોની સંખ્યા 50 પર પહોંચી નથી. તે દરેક મોટા બેનર માટે ડિઝાયરેબલ સ્ટાર છે અથવા તે જે ફિલ્મમાં કામ કરે તે ફિલ્મ મોટી બની જાય છે. પિતા રાકેશ રોશન સાથે તેણે બેસ્ટ સ્ટાર-દિગ્દર્શક જોડી બનાવી છે અને હવે તે પોતે જ 'ક્રિશ-4'નું દિગ્દર્શન કરવા તૈયાર છે**

***રીતિકનું અંગત જીવન પણ હંમેશા ચર્ચામાં રહ્યું છે. પત્ની સુઝેન સાથે ડાયવોર્સ પછી હમણાં સબા સાથે રિલેશનશીપમાં છે. રિતિક એક મેચ્યોર સ્ટાર છે. આ ઇન્ટરવ્યુંમાં તેણે દિગ્દર્શન, ડેડી, સુપર સ્ટાર હિસ્ટિરીયા વિશે વાત કરી છે.***

***પ્ર: તમે હવે 'ક્રિશ-4'ના દિગ્દર્શક છો, તો આ નવી જવાબદારી વિશે શું ફીલ કરો છો?***

**રીતિક:** મને મારી ફિલીંગ વિશે હજુ ખબર નથી પણ ડેડી સાથે અમે ક્રિશ કેરેક્ટર ડેવલપ કર્યું છે અને આ ફિલ્મ લાંબા સમયથી અમે અનાઉન્સ કરેલી પણ ડેડીની તબિયતના પ્રોબ્લેમ હતા અને સ્ક્રિપ્ટ પર કામ ચાલુ હતું. ડેડીએ દિગ્દર્શનની જવાબદારી લેવા કહ્યું. ત્યારે શરૂમાં તો હું વિચારમાં પડી ગયેલો. પણ 'ક્રિશ' અમે સાથે મળીને જ ક્રિયેટ કરેલી ફિલ્મ છે. ઇન્ડિયામાં સુપર હીરો ફિલ્મ બનાવીએ ત્યારે લોકોની અપેક્ષા હોલીવૂડથી જૂદી હોય છે. આપણી પાસે રામ, કૃષ્ણ, હનુમાન જ નહીં ભીમ સુપરહીરો છે. અમે VFXથી જ નહીં ઇમોશન્સથી ફિલ્મ ડેવલપ કરીશું.

***પ્ર: ફિલ્મમાં પ્રિયંકા ચોપરાનાં તમે આગ્રહી છો?***

**રીતિક:** 'ક્રિશ' સાથે તો તે પહેલેથી જોડાયેલી જ છે. પ્રિયંકા પોતે પણ લાંબા સમયથી હિન્દી મુવીમાં કામ કરવા ઉત્સુક છે. તે રાજામૌલીની ફિલ્મમાં બિઝી છે અને અમારી ફિલ્મનું શૂટિંગ થવાને હજુ વાર છે. તે 'ક્રિશ-4'નો ભાગ હશે તો પ્રેક્ષકને ફરી ગમશે કારણ કે તે પ્રિયા મહેરા તરીકે ભાગ બની જ ચુકી છે.

***પ્ર: 'ક્રિશ-4'માં સબા આઝાદ પણ હશે?***

**રીતિક:** તે એક સારી એક્ટ્રેસ છે અને હમણાં 'ક્રાઈમબીટ'માં કામ કરે છે. મારી ફિલ્મની જરૂરિયાત જો સબા હોય તો તે ફિલ્મમાં હોય શકે.

***પ્ર: તમે તેની સાથે ક્યારે પરણશો?***

**રીતિક:** અમે એકબીજાનો સંગાથ માણી રહ્યા છીએ. મેરેજ એક જૂદા કમિટમેન્ટની વાત છે. અમે અમારી રિલેશનશીપ ઓફિશીઅલી એનાઉન્સ કરી છે. સબા પણ આ રિલેશનશીપ વિશે કહી ચુકી છે. 'કાન્ટ લિવ વિથ, કાન્ટ લિવ વિધાઉટ!

***પ્ર: તમે હંમેશ એક સાથે એક યા બે જ ફિલ્મમાં કેમ કામ કરો છો?***

**રીતિક:** હું પહેલેથી જ આ રીતે કામ કરૂ છું. વર્ષ 2000માં મારી ત્રણ ફિલ્મો રજૂ થયેલી અને ત્યાર પછી 2002માં પણ એવું બનેલું. બાકી મારી દર વર્ષે એક કે બે જ ફિલ્મ આવે છે. હું મારી દરેક ફિલ્મ પર ફોકસ રહેવા માંગુ છું.

***પ્ર: જ્યારથી તમે તમારા ડેડીની ફિલ્મોના હીરો બન્યા પછી તમારા બંનેની કોઇ ફિલ્મ નિષ્ફળ નથી ગઇ. તેનું શું કારણ?***

**રીતિક:** એ લકની વાત પણ છે અને અમે દરેક ફિલ્મ સાથે મળી વિચારી છે. નિર્માતા અને દિગ્દર્શક તરીકે ઘણું કામ કર્યા પછી ડેડીએ મારી સાથે ફિલ્મ બનાવવાની શરૂઆત કરી હતી. તે દરેક ફિલ્મ પાછળ ખૂબ જ મહેનત લગાડે છે. સમયના ખૂબ પાબંદ છે. તેમને મારા કામ પર ભરોસો છે ને દરેક વખતે હું એ ભરોસાની કસોટી પાર કરવા મથ્યો છું. હવે દિગ્દર્શક તરીકે કામ શરૂ કરૂં છું ત્યારે પણ ડેડીની કસોટીમાંથી જ પાર થવા મથું છું.

***પ્ર: સાઉથના સ્ટાર જૂનિયર NTR સાથે 'વોર-2'માં કામ કરવાનો અનુભવ કેવો રહ્યો. અમે સાંભળ્યું છે કે તમે તેનાથી બહુ ઇમ્પ્રેસ થયા છો?***

**રીતિક:** (હસીને) ઓ યસ, હું તેની કુકીંગ સ્કિલથી ખૂબ ઇમ્પ્રેસ છું. હું કહીશ કે તેનું બનાવેલું ફૂડ વર્લ્ડનું બેસ્ટ ફૂડ છે અને હા, તે એક અમેઝિંગ એક્ટર છે અને અમેઝિંગ ટીમમેટ છે.

***પ્ર: 'વોર-2'માં બનવાની હતી તેનાથી વધારે મોડી પડી તેનું કારણ શું?***

**રીતિક:** જૂનિયર NTR સાથેના ડાન્સ સિક્વન્સમાં મારા ઘુંટણને ઇજા થયેલી. બાકી અમારા દિગ્દર્શક અયાન મુખરજીની તો પૂરી તૈયારી હતી. હવે આ મહિનાના અંતે શૂટિંગ પૂરૂં થશે.

***પ્ર: 'વોર-2'ના ડેવલપમેન્ટથી તમે ખુશ છો?***

**રીતિક:** 'બહોત ડર રહા થા કી પાર્ટ -2 કૈસી હોગી' પણ હવે કહીશ કે 'વોર-2' પર મને ગૌરવ છે. બસ, હવે એક ગીતનું જ શૂટિંગ બાકી છે અને તે જુનિયાર NTR પર ફિલ્માવવાનું છે. પણ હું કહીશ કે 'વોર' કરતાં પણ આ ફિલ્મ વધારે મોટી અને વધારે સારી બની છે. 14મી ઓગસ્ટે રિલીઝનો પ્લાન છે.

***પ્ર: તમારું ફેન ફોલોઈંગ દુનિયાભરમાં છે. તમારી બોડી પર બધા ફીદા છે. તમે આ વાતને કઇ રીતે લો છો?***

**રીતિક:** હું આ હિસ્ટિરીયાને પ્રશંસા તરીકે જોઉં છું. મને આનંદ છે કે મારી સાથે જે બની રહ્યું છે તેને હું સમજી શકું છું. જો હું એ હિસ્ટિરીયાને વશ થઇ જાઉં તો તો મારો જ ગ્રોથ અટકી જશે. હું મારા કામમાં સારો છું અને વધારે સારું કામ કરવા મહેનત લગાડું છું પણ મને પણ ખબર છે કે મારી મર્યાદા શું છે?

***પ્ર: તમને ક્યારેય ઇનસિક્યોરિટી ફીલ થાય છે?***


**રીતિક:** ઓહ, વેરી મચ. અઠવાડિયામાં એક વાર એવું થાય જ છે કે હું એક્ટિંગ કરવાનું સાવ ભૂલી ગયો છું. મને મારી પર ભરોસો ઊઠી જાય છે. આ ઈનસિક્યોરિટીના કારણે જ હું દરેક શોટ પર ખૂબ મહેનત કરું છું.

***પ્ર: તમે સુપરહીરો ફિલ્મમાં કામ કરો છો. શું તમે ભગવાનમાં માનો છો?***

**રીતિક:** હું ધાર્મિક નથી. મંદિરે પણ જતો નથી પણ માનું છું કે કોઇ સુપર પાવર છે. ●

# કેસરી ચેપ્ટર-2 , જોવું કે જવા દેવું?

ક્રિ-વ્યૂ




અત્યારે બોલીવુડમાં ઘરડાં જ ગાડા વાળી રહ્યા છે. 55-65 વચ્ચેના સ્ટાર્સ જ બોક્સ ઓફિસ પર કબજો જમાવવા માંગે છે એટલે તેમને એવી ફિલ્મોમાં રજૂ કરવામાં આવે છે જેમાં રોમાન્સ ઓછો કરવાનો હોય. આ જોતા અક્ષયકુમારની 'કેસરી ચેપ્ટર-2' તેની કારકિર્દીના બીજા ચેપ્ટરને સાચવવામાં કામ આવશે? ફિલ્મ 1919નાં જલિયાંવાલા કાંડને તાજો કરે છે અને અક્ષય તેમાં 'કરો યા મરો' અંદાઝ ધરાવનાર વકીલના પાત્રમાં છે. ટ્રેલરની શરૂઆતમાં જ સેન્સર કરતો ફ* યુ શબ્દ વાપરે છે જેણે ઠીકઠીક ચર્ચા જગાવી હતી. અક્ષય એમ પણ આવા પાત્રમાં જ વધુ શોભે અને તે દેશ માટે લડતો યોદ્ધા હોય તો લોકો ઉંમરનું પૂછે નહીં. છેલ્લા ઘણા પાત્રો જોશો તો સમજાશે કે તે કોઈને કોઈ મિશન પર છે. આ ફિલ્મોએ અક્ષયને જે ઈમેજ ઊભી કરી આપી છે તે 'કેસરી ચેપ્ટર-2'માં કામ લાગશે.

આ ફિલ્મ એડવોકેટ સી શંકરન નાયર અને કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રેસીડન્ટના જીવનની આસપાસ છે, જેણે જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડ સામે લડત આપી હતી. ફિલ્મના મેકર્સનું કહેવું છે 'આપણા ઈતિહાસના સૌથી કાળા પ્રકરણ, જલિયાંવાલા બાગ દુર્ઘટનાનાં સત્યને ઉજાગર કરતો એક માણસ, તેની હિંમત, તેના શબ્દો - જેણે સમગ્ર સામ્રાજ્યને હચમચાવી નાખ્યું તેની કહાની છે. ફિલ્મમાં અક્ષય એડવોકેટ શંકરન નાયરની ભૂમિકામાં, આર. માધવન એડવોકેટ નેવિલ મેકકિનલી અને અનન્યા પાંડે દિલરીત ગિલ તરીકે દેખાશે. મીડિયા રીપોર્ટ અનુસાર, ફિલ્મનું અંદાજિત બજેટ 200 કરોડ છે. અમૃતપાલ સિંહ બિન્દ્રા, અક્ષત ઘિલ્ડિયાલ અને સુમિત સક્સે એ લખી છે. ડિરેક્ટર કરણ સિંહ ત્યાગી છે, જેણે બંદિશ બેન્ડિટ્સ (2020) અને કાલકૂટ બનાવી હતી, ફિલ્મમાં નવા સાથે અમુક જૂના ગીતો પણ રીક્રિએટ થયા છે. વધારામાં અક્ષયે 3 એપ્રિલે 'કેસરી: ચેપ્ટર 3'ની જાહેરાત પણ કરી દીધી છે. ત્રીજો ભાગ હરિ સિંહ નલવાના જીવન પર આધારિત હશે. હરિ સિંહ નલવા શીખ સામ્રાજ્યની સેના, ખાલસા ફોજના પહેલા કમાન્ડર-ઈન-ચીફ હતા. ●

**આટલું જાણ્યા બાદ કેસરી-2 સાથે બીજી કોઈ ખાસ હિન્દી ફિલ્મ આવી નથી રહી, અને હાલ સિકંદર અને જાટ થિયેટરમાં જોવા મળી રહી છે, તેના સરખામણીમાં કેસરી-2નો વિષય અલગ છે. લોકોને દેશની આઝાદીની લડાઈનો વધુ એક ઈતિહાસ જાણવા મળી શકે છે. જો થિયેટરમાં ફિલ્મ જોવા જવાનું વિચારતા હોય તો કેસરી-2 માટે કંકૂનાં કરી શકો છો.**

# Rapid Fire with Rasha

શો-શા...



બોલીવુડમાં એક્ટ્રેસની નવી જનરેશનની રેસમાં દોડી રહેલી રાશા થડાની પાસે ફેન્સને ઘણી આશા છે, 20 વર્ષની રાશા અત્યારે તેની ઓળખ 'આઝાદ' નથી એટલે કે મમ્મી રવિનાનાં નામે તેની ઓળખ છે. એક ફિલ્મ 'આઝાદ' સિવાય સાઉથની સિમ્બામાં જોવા મળવાની છે, એ સિવાય તેને વધારે ઓળખવા, તેની મનગમતી હિરોઈનથી લઇ ભાવતું ભોજન અને ફરવાની જગ્યા જાણવા તેની સાથેનો આ રેપિડફાયર ઇન્ટરવ્યૂ ફટાફટ વાંચી લો...

● ***તમારી સૌથી ફેવરિટ ફિલ્મ***

લિસ્ટ ઘણી લાંબી છે, કોઈ એક કેવી રીતે પસંદ કરી શકું! પણ, .. કભી ખુશી કભી ગમ

● ***તે સૌથી વધુ ગણગણેલું ગીત***

મારી જ પહેની ફિલ્મ આઝાદનું - અજીબ ઓ ગરીબ

● ***એ ગીત જે સાંભળતા જ ઝૂમવા લાગો***

ઝુમકા ગિરા રે

● ***એ એક્ટ્રેસ રાશા જેની બિગેસ્ટ ફેન છે...!***

મારી ફેવરિટ દીપિકા પાદુકોણ

● ***એ એક્ટર જેની સાથે કામ કરવા કંઈ પણ કરી શકે છે.***

એ પણ દીપિકા પાદુકોણ જ, એની સાથે કામ કરવા કંઈ પણ કરીશ

● ***એક ડિરેક્ટર જેની સાથે કામ કરવા માંગે છે.***

ધ ગ્રેટ, સંજય લીલા ભણસાલી

● ***એક શબ્દ જે રાશા વારંવાર બોલતી હોય છે... તે***

જય માતા દી! (ખડખડ કરીને હસતા). ખરેખર, જ્યારે કંઈપણ થાય છે, ત્યારે હું 'જય માતા દી' જ કહું છું.

● ***તારી ફેવરિટ વાનગી***

પિઝા

● ***અને ફેવરિટ ડ્રિંક?***

બ્લેક કોફી

● ***તારું ચીટ મિલ:***

બર્ગર, બર્ગર, બર્ગર!

● ***તારું ફેવરિટ હોલિડે ડેસ્ટિનેશન***

જંગલ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી માટે કોઈપણ જગ્યા

● ***રાશા માટે સૌથી કોમ્ફર્ટેબલ ક્લોધીંગ?***

પાયજામા

● ***એ રંગ જે સૌથી વધુ પહેરે છે:***

(ચહેરા પર લાલી આવવા સાથે) લાલ

● ***હમણાંનો કોઈ કિસ્સો જે હજુ પણ અણધાર્યો લાગે છે.***

એકવાર જ્યારે હું મારા ભાઈને જે લંડનમાં ભણે છે તેને મળવા ગઈ હતી, ત્યારે તેણે ખાસ રજા લીધી, મને અને મારી મમ્મીને બહાર લઈ ગયો અને મને એટલી પેમ્પર કરી, લાડ લડાવ્યા કારણ કે તેને લાગ્યું કે તેની આ જવાબદારી છે. આ મારી માટે સૌથી યાદગાર હતું અને અણધાર્યુ તો ખરુ જ.

● ***એક વ્યક્તિએ જેણે તારી લાઈફમાં સૌથી વધુ પ્રભાવ પાડ્યો છે!***

કોઈ એક નહીં- મમ્મી અને પપ્પા બંને. ●